# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) મુજબનું જાહેરનામું
ક્રમાક:ટ્રાફિક/ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ/જાહેરનામું/ ૨૨૦૭ /૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૧૩/૦૪/૨૦૨૫

સુરત શહેરમાં આગામી તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી ઉજવણી અનુસંધાને મુખ્ય રેલી સુરત રેલ્વે સ્ટેશનથી દિલ્હી ગેટ થઇ ગલેમન્ડી ત્રણ રસ્તાથી રૂવાળા ટેકરા થઈ ભાગળથી ડી.કે.એમ સર્કલ, નવસારી બજાર થઇ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા માન દરવાજા સુધી જાનાર છે જેથી રેલીના કારણે સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઇ રહે તે માટે ઉપરોક્ત રૂટ ઉપર તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૨/૦૦ થી કલાક-૦૦/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર ઉપર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખૂબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, વાબાંગ જામીર (IPS), I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો તથા રૂટ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | હુકમ | વૈકલ્પિક રૂટ |
|---|---|---|
| ૦૧ | (૧) ભાગળ ચાર રસ્તા, રૂવાળા ટેકરા, ગલેમન્ડી થઈ દિલ્હી ગેટ તરફ આવતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનોને કલાક.૧૨/૦૦થી કલાક.૦૦/૦૦ સુધી અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે.<br>(૨) દિલ્હી ગેટ ચાર રસ્તાથી ગલેમન્ડી થઈ રૂવાળા ટેકરા તરફ રેલીને જવા સારૂ જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવે છે. | (૧) ભાગળથી દિલ્હીગેટ તરફ જવા માટે કાસકીવાડ થઈ સૈયદપુરા પમ્પીગથી રામપુરા ત્રણ રસ્તા થઈ લાલ દરવાજા તરફથી જઇ શકશે.<br>(૨) દિલ્હીગેટથી ભાગળ તરફ જવા માટે પાણીની ટાંકી થઈ મોટી ટોકિઝથી ઝાંપા બજારથી એર ઈન્ડીયા ચોકડી થઈ જઇ શકશે. |

## :: અપવાદ ::

ફરજ પરના પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMC ના વાહનો અવર જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૧૨/૦૦ વાગ્યાથી કલાક-૦૦/૦૦ સુધી રહેશે.

આજ રોજ તા.૧૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.

(વાબાંગ જમીર)
I/C પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)